# પેલી એક દુષ્ટ બાઈ – અથાલિયા

## (ફાધર વર્ગીસ પોલ)

બાઈબલ માનવ જીવનને બધી રીતે પ્રતિબિંબિત કરે છે. એનો એક વાસ્તવિક પુરાવો બાઈબલ જેને પેલી એક દુષ્ટ બાઈ કહે છે તે અથાલિયા છે. તે દાઉદની ગાદી પર બેસનાર એક માત્ર સ્ત્રી હતી. તે યહૂદા પર રાજ્ય કરનાર રાણી અને રાજમાતા હતી.

કોઈએ કહ્યું છે કે સ્ત્રી પુરુષ કરતાં પણ વધારે દુષ્ટ કે વધારે ઉદાત્ત બની શકે છે અને ઈતિહાસમાં આપણને બન્ને પ્રકારની નારીનાં ઉદાહરણો મળે છે. બાઈબલમાં નોંધાયેલા યહૂદી પ્રજાના ઈતિહાસમાં અથાલિયાનું પાત્ર આપણને દુષ્ટમાં દુષ્ટ સ્ત્રી તરીકે ચિતરાયેલું જોવા મળે છે.

અથાલિયા દુષ્ટતાના પર્યાય સમી રાણી ઈઝબેલની અને ઈસાયલના રાજા આહાબની પુત્રી હતી. મોટા ભાગે રાજકીય કારણોસરતે યહૂદાના રાજા યહોરામને પરણી. એટલે, બાઈબલ નોંધે છે તેમ રાજા યહોરામે દેખીતી રીતે પોતાની પત્ની યથાલિયાના પ્રભાવ હેઠળ “આહાબના કુટુંબની પેઠે ઈસાયલના રાજાઓને પગલે ચાલી પ્રભુની નજરમાં ખોટું ગણાય એવું આચરણ કર્યું.”

આથાલિયાના બાળપણમાં એણે જોયું હતું કે પોતાની માતા ઈઝબેલ એના રાજ્ય સિદોનમાંથી પોતાની સાથે બાલદેવની ભક્તિપૂજા પણ લાવી હતી અને એની માતાના પ્રભાવ હેઠળ એના પિતા આહાબ પણ ઈસાયલના સાચા પ્રભુને છોડીને બોલદેવની પૂજા કરવા માંડયા હતા. આહાબે ઈઝબેલને પરણ્યા પછી શમરૂનમાં બાલ માટે એક મંદિર બંધાવ્યું અને તેણે અશેરાદેવીની પણ એક મૂર્તિ ઊભી કરી. એટલું જ નહિ, પણ બાઈબલ નોંધે છે તેમ આહાબ-ઈઝબેલ દંપતીએ પોતાના સૌથી મોટા પુત્ર અબિરામનો અને સૌથી નાના પુત્ર સગુબનો ભોગ આપીને બેથેલના હિયેલે યરીખો ફરી બંધાવ્યું. યથાલિયા પોતાના માબાપનો આ વારસો લઈને યહૂદામાં આવે છે અને એના માબાપે ચીંધેલા દુષ્ટ માર્ગે ચાલે છે.

બત્રીસ વર્ષની ઉંમરે ગાદીએ આવેલા યહોરામે બારેક વર્ષ યહૂદા ઉપર રાજ્ય કર્યું. પછી યહોરામ અને અથાલિયાનો જીવતો રહેલો દીકરો અહઝિયા બાવીસ વર્ષની ઉંમરે યહુદાની ગાદીએ આવ્યો. અથાલિયાના પુત્ર અહઝિયા સિવાય બાકીના બધા જ રાજકુમારોને યહૂદા ઉપર હુમલો કરનાર પલિસ્તીઓએ મારી નાખ્યા હતા. અહઝિયાએ યરુશાલેમમાં એક વર્ષ રાજ્ય કર્યું. એના અમલ વિશે બાઈબલ નોંધે છે કે, “તેની નામુંમ નામ અથાલિયા હતું. આ તેની મા તેને દુષ્ટ સલાહ આપતી હતી. આથી તે પણ આહાબના કુટુંબને પગલે ચાલ્યો અને આહાબના કુટુંબની પેઠે તેણે પ્રભુની દષ્ટિએ અયોગ્ય ગણાય એવું આચરણ કર્યું.”

એક વાર અરામીએને હાથે ઘાયલ થયેલો ઈસાયલનો રાજા યહોરામ ઘામાંથી સાજા થવા માટે  ઈઝરેલ ગયો. અહઝા યહોરામને મળવા ઈઝરેલ ગયા. પણ રસ્તામાં આહાબના વંશનો નાશ કરવા નીકળી પડેલા લશ્કરી બળવખોર યહૂએ શમરૂનમાં સંતાઈ રહેલા અહઝિયાને શોધી કાઢીને મારી નાખ્યો.

અહઝિયાની માતા અથાલિયાને પોતાના પુત્રની હત્યાના સમાચાર મળતાં તેણે રાજગાદી પચાવી પાડી. એટલું જ નહિ, પણ "યહૂદા રાજયવંશનો ઉચ્છેદ કરવાનું શરૂ કર્યું." એણે મારી નાખેલા એના જ રાજવંશના લોકો એના પૌત્રોનો પણ સમાવેશ થતો હતો. પણ અથાવિ.ના હુકમથી બાઈબલ નોંધે છે તેમ, "રાજકુમારોની કતલ ચાલતી હતી ત્યારે રાજકુંવરી યહોશેબાએ અહઝિયાના દીકરા યોઆશને લઈ જઈ તને અને તેની ધાવને શયનખંડમાં પૂરી દીધી. આ રીતે રાજા યહોરામની દીકરી અને પુરોહિત યહોદાની વહુ યહોશેબાએ પોતે અહઢિયાની બહેન થતી હતી માટે યોઆશને અથાલિયાતી સંતાડી દીધો અને તેનો વધ થતો અટકાવ્યો. તે છ વર્ષ સુધી તેમની ભેગો મંદિરમાં છુપાઈ રહ્યો. એ દરમિયાન અથાલિયા દેશ ઉપર રાજ્ય કરતી હતી."

અથાલિયાના અમલ દરમિયાન, બાઈબલમાં લખ્યું છે તેમ, "પેલી દુષ્ટ બાઈ અથાલિયા અને તેના અનુયાયીઓએ મંદિરને લૂંટી લીધું હતું. એટલું જ નહિ, પ્રભુના મંદિરમાં આવતી ભેટો પણ બાલદેવોને આપી દીધી હતી." અહીં મંદિરને લૂંટી લેવાની વાતમાંથી લોકો માને છે કે મંદિરના અમુક ભાગ તોડવામાં આવ્યા હશે અને એમાંથી મળેલા માલસામાન લઈને બાલનું મંદિર બંધાવ્યું હશે, કારણ, અથાલિયા તો બાલની પૂજા કરતી હતી અને બધા પર સાચા ઈશ્વર પ્રભથી વિમુખ બનવા અને બાલના પૂજાપાઠ કરવા માટે તે જબરદસ્તી કરતી હતી.

પણ અથાલિયાની એકહથ્થુ સત્તા અને બાલની મૂર્તિપૂજા લાંબી ટકી નહિ. આપણે જોયું છે તેમ એની ઓરમાન દીકરી યહોશેબે પોતાના ભાઈ અહઝિયાના રાજકુંવર યોઆશને અથાલિયાની કતલમાંથી બચાવી લીધો હતો.

યોઆશના સાતમાં વર્ષે પુરોહિત યહોયાદાએ યહૂદાનાં બધા શહેરોમાંથી ઈલાયલી કુટુંબોના વડાઓને યરુશાલેમમાં એકઠા કર્યા. યરુશાલેમમાં ભેગી મળેલી આખી સભાએ પુરોહિત યહોયાદાની દોરવણી હેઠળ ઈશ્વરના મંદિરમાં રાજા સાથે કરાર કર્યા. પછી યહોયાદાએ રાજકુંવરને લઈ આવીને તેના માથા ઉપર રાજમુગટ પહેરાવી હાથમાં ધર્મગ્રંથ આપી તેને રાજા જાહેર કર્યો ત્યારબાદ યહોયાદાએ અને તેના દીકરાઓએ તેનો રાજ્યાભિષેક કરી "રાજા ઘણું જીવો" નો પોકાર કર્યો.

રાજાનો જયનાદ કરતાં લોકોના અવાજ સાંભળીને અથાલિયા પ્રભુના મંદિરમાં પહોંચી ગઈ. અથાલિયાએ સામે જોયેલા દષ્યનું બાઈબલે સુંદર વર્ણન કર્યું છે. જુએ છે તો ત્યાં લોકો ટોળે વળ્યાં હતાં અને રાજા પ્રવેશદ્વાર આગળ મંચ ઉપર ઊભો હતો અને તેની પાસે નાયકો અને શિંગાં વગાડનારાઓ ઊભા હતા અને બધા દેશજનો આનંદમાં આવીને રણશિંગા વગાડતા હતા અને સંગીતકારો વાજિંત્રો સાથે રાજાની સ્તુતિ ગવડાવતા હતા. આ બધું જોઈને અથાલિયા રોષમાં આવી ગઈ. અને ગુસ્સામાં તેણે પોતાના વસ્ત્રો ફાડી નાખ્યાં અને તે બૂમ પાડી ઊઠીઃ "રાજદ્રોહ! રાજદ્રોહ!"

અથાલિયાના જીવનનો અંત પણ એની માતાના અંત જેવો હલકો રહ્યો. પુરોહિત યહોયાદાએ સેનાનાયકોને હુકમ કર્યો. “એને મંદિરની બહાર લઈ જાઓ અને જે કોઈ એની સાથે આવી તેની કતલ કરો.” પુરોહિતે એનું કારણ સમજાવતાં કહ્યું, “પ્રભુના મંદિરમાં એનો વધ કરવાનો નથી.” આથી તેઓ તેને પકડીને રાજમહેલ સુધી લઈ ગયા અને ત્યાં ઘોડા-દરવાજા આગળ તેનો વધ કર્યો કોઈ પણ માણસ એની વહારે થયો નહિ કે એને માટે કોઈએ આંસુનું એક ટીપું પણ સાર્યું નહિ.

એક જ ઈશ્વર પ્રભુની પૂજા કરતી યહૂદી પ્રજાની રાણી તરીકે એક જ ઈશ્વર પ્રભુની ભક્તિપૂજા કરવાને બદલે અથાલિયાએ ઈશ્વર પ્રભુને તરછોડીને બાલદેવની પૂજા કરી હતી અને પોતાની પ્રજાને પણ બાલદેવ માટે મંદિરો બાંધવા અને ત્યાં બાલદેવ માટે પૂજાબલિ અર્પવા તે પ્રેરતી હતી. એટલું જ નહિ, પણ સાચા ઈશ્વર પ્રભુના પુરોહિતો અને પયગંબરોનો એ નાશ કરાવતી હતી.

ઈ.સ. પુર્વે આઠમી સદીમાં જીવતી એકેશ્વરવાદી યહૂદી પ્રજાને મન આના કરતાં મોટું અન્ય કોઈ પાપ નહોતું. પરમદેવની ભક્તિ કે મૂર્તિપૂજા માટેની શિક્ષા વધ જ હતી. એટલે પુરોહિત યહોયાદાના હુકમ મુજબ લોકોએ અથાલિયાને મોતને ઘાટ ઉતારી દીધી. અથાલિયાની માતા ઈઝબેલને કૂતરાએ ફાડી ખાતા હતા તો અથાલિયા મૃતદેહને રાજમહેલની બાજુમાં ઘોડા-દરવાજા આગળ બળવાન અશ્વોએ પગતળે કચડી દીધો. આમ, એક અપવિત્ર કલંકિત જીવનનો એક કંગાળ અંત આવ્યો.

(છેલ્લે બદલ્યાની તારીખઃ 16-05-2007)

(ફરી બદલવાની તારીખઃ 01-06-2007)

ફાધર વર્ગીસ પોલ (ઝ) કોપીરાઈટ 2007